# જાહેરાત

## પોલીસ ખાતામાં સહાયક પોલીસ સબ ઇન્સ્પેકટર (બિન હથિયારી)વર્ગ-૩ જગ્યાઓની સીધી ભરતી

સરકારશ્રીના ગૃહ વિભાગના તા.૭/૨/૨૦૦૯ના જાહેરનામાં ક્રમાંક: જીજી/જીયુજે/૨૧/ ઇએસટી/૧૦૦૮/૩૯૨૪/સી. અન્વયે પોલીસ ખાતાની **વર્ગ-૩** ની સંવર્ગની ભરતી પ્રક્રિયાની કામગીરી ભરતી બોર્ડ દ્વારા હાથ ધરવાની હોઇ, રાજયની સહાયક **પોલીસ સબ ઇન્સ્પેકટરની બિન હથિયારી કુલ ૬૮૦** જગ્યાઓમાં નાણાં વિભાગના તા.૧૬/૨/૨૦૦૬ના ઠરાવ ક્રમાંક: ખરચ/૨૦૦૨-૫૭-ઝેડ-૧ ની જોગવાઇઓ મુજબ **પાંચ વર્ષ** સુધી **રૂ.૪૫૦૦/-** ના ઉચ્ચક વેતનથી સ્પર્ધાત્મક પરીક્ષાના આધારે સીધી ભરતી કરવા માટે આ સાથેના અરજી પત્રકના નમૂનામાં અરજીઓ મંગાવવામાં આવે છે. આ જગ્યા માટે શારિરીક ક્ષમતા મૂળભૂત લાયકાત હોઇ વિકલાંગ વ્યકિતઓ અરજી કરી શકશે નહી. અનામત જગ્યાઓ ફકત મૂળ ગુજરાતના ઉમેદવારો માટે જ અનામત છે. ગુજરાત બહારના ઉમેદવારોને તેનો લાભ મળશે નહી. મહિલાઓ માટેની અનામત જગ્યાઓ માટે જો મહિલા ઉમેદવાર ઉપલબ્ધ નહિ થાય તો તેવી જગ્યા તે જ કેટેગરીના પુરુષ ઉમેદવારને ફાળવવામાં આવશે.

| કુલ જગ્યા | અ.જા. | | અ.જ.જા. | | સા.અને શૈ.પ.વ. | | સામાન્ય | |
|---|---|---|---|---|---|---|---|---|
| | પુરુષ | મહિલા | પુરુષ | મહિલા | પુરુષ | મહિલા | પુરુષ | મહિલા |
| ૬૮૦ | ૩૪ | ૧૪ | ૭૧ | ૩૧ | ૧૨૯ | ૫૫ | ૨૪૨ | ૧૦૪ |

**૨/-** અરજદારોએ અધ્યક્ષશ્રી, અધિક પોલીસ મહાનિદેશક (વહીવટ) પોલીસ સબ ઇન્સ્પેકટર ભરતી બોર્ડ પોલીસ ભવન, સેકટર-૧૮, ગાંધીનગરને ઉદેશીને કરવી અને જે તે જીલ્લા પોલીસ અધિક્ષક/પોલીસ કમિશ્નરશ્રીની કચેરીઓએ અરજીઓ મોકલવાની રહેશે.

**૩/-** માજી સૈનિકો માટે **૧૦ ટકા જગ્યા** અનામત રહેશે. જે ઇન્ટરલોકયુટરી અનામત હોઇ જે તે કેટેગરીના ઉમેદવાર સામે ગણવાની રહેશે.

**૪/-** આ માટેના અરજી પત્રક જરૂરી પરીક્ષા ફી સાથે ફકત રાજયના તમામ પોલીસ કમિશનરશ્રી કચેરી / જીલ્લા પોલીસ અધિક્ષકશ્રીની કચેરી ખાતે તા.૧૬/૦૨/૨૦૦૯ના રોજથી શરૂ કરી તા.૨૧/૦૩/૨૦૦૯ સુધી કામ કાજના દિવસો દરમ્યાન ૧૧-૦૦થી ૧૬-૦૦ કલાક દરમ્યાન રૂબરૂમાં સ્વીકારવામાં આવશે. અરજી પત્રક સ્વીકારવાની છેલ્લી તા.૨૧/૩/૨૦૦૯ રહેશે. અને આ રીતે સ્વીકારવામાં આવેલ અરજી પત્રક તથા પરીક્ષા ફી મળ્યા અંગે કોમ્પ્યુટરાઇઝડ રીસીપ્ટ જે તે પોલીસ કમિશનરશ્રી / જીલ્લા પોલીસ અધિક્ષકશ્રીની કચેરી દ્વારા તે સમયે જ આપવામાં આવશે. ઉમેદવારે આ રીસીપ્ટ ફરજીયાત સાચવીને રાખવાની રહેશે. અને તે ભરતી બોર્ડ દ્વારા જયારે પણ માંગવામાં આવે / રજુ કરવા જણાવવામાં આવે ત્યારે તે રજુ કરવાની રહેશે.

**૫/- પરીક્ષા ફી :**

પરીક્ષા માટે બિન અનામત કેટેગરીના ઉમેદવારોએ **રૂ.૧૦૦/- નો રાષ્ટ્રીયકૃત બેંકનો ડિમાન્ડ ડ્રાફ્ટ** જે તે જીલ્લાના પોલીસ અધિક્ષકશ્રી/પોલીસ કમિશનરશ્રીના નામનો મેળવી અરજી પત્રક સાથે સામેલ રાખવાનો રહેશે.

અનુ.જાતિ, અનુ.જનજાતિ, સા. અને શૈ.પ. વર્ગ અને માજી સૈનિક કેટેગરીના ઉમેદવારોએ કોઇ પણ પરીક્ષા ફી ભરવાની રહેશે નહીં.

**૬/- વય મર્યાદા :**

અરજી કરનાર ઉમેદવાર તા.૩૧/૩/૨૦૦૯ના રોજ ૨૧ વર્ષથી ઓછી નહીં અને ૨૮ વર્ષથી વધુ વયના હોવા જોઇએ નહીં.

અનુ.જાતિ, અનુ.જનજાતિ, સા. અને શૈ.પ. વર્ગ તેમજ મહિલા ઉમેદવારોને ઉપરની વય મર્યાદામાં વધુ પાંચ વર્ષની છૂટ મળવાપાત્ર છે.

માજી સૈનિક હોય તેવા ઉમેદવારોને સને ૧૯૭૫ના ગુજરાત રાજ્ય સેવા (વર્ગ-૩ અને વર્ગ-૪ ની જગ્યાઓ અને સેવાઓમાં માજી સૈનિકો માટે ખાલી જગ્યાઓ અનામત રાખવા અંગેના) નિયમોના નિયમ-૫ મુજબ ઉપલી વયમર્યાદામાં છૂટ મળવાપાત્ર થશે.

સા. અને શૈ.પ. વર્ગના ઉમેદવારોએ અનામત જગ્યાનો લાભ લેવા માટે ઉન્નત વર્ગ (ક્રીમીલેયર) માં નહીં આવતા હોવાનું સક્ષમ સત્તાધિકારીનું પ્રમાણપત્ર અરજી પત્રક સાથે રજુ કરવાનું રહેશે.

રાજયના પોલીસ દળમાં કોન્સ્ટેબલ, હેડ કોન્સ્ટેબલ, આસીસન્ટન્ટ સબ ઇન્સ્પેકટર તરીકે ફરજ બજાવતા કર્મચારી કે જેઓ કોઇ પણ માન્ય યુનિવસીર્ટીની ડીગ્રી ધરાવતા હોય તેમના કિસ્સામાં ઉપલી વય મર્યાદા ૩૧ વર્ષ સુધીની રહેશે. તે પૈકીના અનુ.જાતિ, અનુ.જનજાતિ કે સા.અને શૈ.પ. વર્ગના પુરુષ કર્મચારીના કિસ્સામાં આ કેટેગરીના ઉમેદવારોને નિયમાનુસાર ઉપરની વયમર્યાદામાં મળવાપાત્ર પાંચ વર્ષની છૂટ ઉપરાંત વધુ ત્રણ વર્ષની છૂટ મુકી શકાશે એટલે કે તેઓના કિસ્સામાં ઉપલી વય-મર્યાદામાં ૩૬ વર્ષ સુધીની રહેશે. મહિલા કર્મચારીના કિસ્સામાં ઉપલી વય મર્યાદામાં વધુ પાંચ વર્ષની છૂટ મળવાપાત્ર છે.

શૈક્ષણિક લાયકાત અને ઉંમર તા.૩૧/૩/૨૦૦૯ ના રોજની સ્થિતિ મુજબ ધ્યાને લેવામાં આવશે.

**૭/- શૈક્ષણિક લાયકાત :**

ઉમેદવાર ભારતમાંની કેન્દ્ર અથવા રાજયના વિધાનમંડળ ધ્વારા પસાર કરાયેલ અધિનિયમ હેઠળ ઉભી કરાયેલ યુનિવર્સિટી અથવા સંસદના કોઇ અધિનિયમ હેઠળ સ્થપાયેલ માન્ય શૈક્ષણિક સંસ્થા અથવા યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશન અધિનિયમ-૧૯૫૬ ની કલમ-૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર કરાયેલ શૈક્ષણિક સંસ્થાની કોઇ પણ

વિદ્યાશાખાની સ્નાતક ડીગ્રી અથવા રાજ્ય સરકાર ધ્વારા વખતો વખત માન્ય કરાયેલ તેની (ડીગ્રી) સમકક્ષ કોઇ પણ લાયકાત ધરાવતો હોવો જોઇએ. વધુમાં ઉમેદવારને ગુજરાતી અને હિન્દી ભાષાનું પૂરતું જ્ઞાન હોવુ જોઇએ.

ઉમેદવાર ડીપાર્ટમેન્ટ ઓફ ઇલેકટ્રોનીક એકક્રેડીટેશન ઓફ કોમ્પ્યુટર કોર્સીસ (ડોએક) સોસાયટીના કોર્સ ઓન કોમ્પ્યુટર (સી.સી.સી.) નું પ્રમાણપત્ર ધરાવતો હોવો જોઇએ. અથવા રાજય સરકારના સામાન્ય વહીવટી વિભાગના તા.૧૩/૧/૨૦૦૫ના સરકારી ઠરાવથી નકકી કર્યા મુજબ સરકાર માન્ય યુનિવર્સિટી/પોલીટેકનીક/તાલીમી સંસ્થાના સર્ટીફીકેટ/ડીગ્રી/ડિપ્લોમાંના અભ્યાસક્રમ કે જેને સી.સી.સી. લેવલ સમકક્ષના અભ્યાસક્રમ તરીકે જાહેર કરેલ છે તેનું પ્રમાણપત્ર / માર્કશીટ ઉમેદવાર ધરાવતો હોવો જોઇએ. આ પ્રમાણપત્ર ઉમેદવારને આખરી પસંદગી થયેથી સા.વ.વિ.ના તા.૩૦/૯/૦૬ના ઠરાવ નં. પરચ/૧૦૨૦૦૫/૧૫૩૨/ક. મુજબ અજમાયશી સમય દરમ્યાન મેળવી લેવાનું રહેશે. હાલમાં આવું પ્રમાણપત્ર નહિ ધરાવનાર ઉમેદવાર પણ અરજી કરી શકશે.

**૮/- શારીરિક માપ સંબંધી ધોરણ :**

**પુરૂષ માટે**

| ક્રમ | વર્ગ | ઉંચાઇ | વજન | છાતીનુ માપ | |
|---|---|---|---|---|---|
| | | | | ફુલાવ્યા વગર | ફુલાવેલી |
| ૧ | બિન અનામત જગ્યાઓ | ૧૬૫ | ૫૦ | ૭૯ | ૮૪ |
| ૨ | અનામત અ.જા./અ.જ.જા. | ૧૬૦ | ૫૦ | ૭૬ | ૮૧ |

**મહિલાઓ માટે**

| ક્રમ | વર્ગ | ઉંચાઇ | વજન |
|---|---|---|---|
| **૧** | બિન અનામત જગ્યાઓ | **૧૫૮** | **૪૫** |
| **૨** | અનામત અ.જા./અ.જ.જા. | **૧૫૬** | **૪૫** |

**૯/- સ્પર્ધાત્મક પરીક્ષાના તબકકા :**

સ્પર્ધાત્મક પરીક્ષાના આધારે પસંદગી પામીને સીધી ભરતીથી નિમણુંક મેળવવા માંગતા ઉમેદવારો માટે નીચે બતાવેલ બે તબકકામાં પરીક્ષા યોજવામાં આવશે.

**(૧)** સૌ પ્રથમ મુખ્ય પરીક્ષાના ઉમેદવારો પસંદ કરવા માટે શારીરિક કસોટી ઉપરાંત પ્રાથમિક લેખીત પરીક્ષા (હેતુલક્ષી પ્રશ્નપત્ર વાળી) યોજવામાં આવશે.

**(૨)** ઉમેદવારોની આખરી પસંદગી મુખ્ય પરીક્ષાના આધારે કરવામાં આવશે.

પ્રાથમિક પરીક્ષા (હેતુલક્ષી પ્રશ્નપત્રવાળી) એક કલાકની રહેશે અને તેના કુલ ગુણ ૧૦૦ રહેશે. આ પરીક્ષામાં સામાન્ય જ્ઞાનને લગતાં હેતુલક્ષી પ્રશ્નો રહેશે. પરીક્ષાનું માધ્યમ ગુજરાતી રહેશે.

પ્રાથમિક પરીક્ષાના પરીણામના આધારે મુખ્ય પરીક્ષા માટે ક્વોલીફાય થયેલા ઉમેદવારોએ નીચે બતાવેલ તબકકામાં મુખ્ય પરીક્ષામાં ઉપસ્થિત થવાનું રહેશે.

**મુખ્ય પરીક્ષાઃ**

**(અ)** લેખીત પરીક્ષા : પરીક્ષાનું માધ્યમ અંગ્રેજી ભાષાના પ્રશ્નપત્ર એટલે કે પ્રશ્નપત્ર-3 સિવાય ગુજરાતી રહેશે.

(૧) **પ્રશ્નપત્ર-૧:** ગુજરાતી ભાષા, સમય : ૨ કલાક, કુલ ગુણ-૧૦૦નું રહેશે જેનો અભ્યાસક્રમ નીચે મુજબ છે.

| | | |
|---|---|---|
| અહેવાલ લેખન | : | ૨૦ ગુણ |
| પત્ર લેખન | : | ૨૦ ગુણ |
| સાર લેખન | : | ૨૦ ગુણ |
| સાર ગ્રહણ(કોમ્પ્રીહેન્શન) | : | ૨૦ ગુણ |
| મુહાવરા અને તેના અર્થ વગેરે | : | ૨૦ ગુણ |

ગુજરાતી ભાષાના પ્રશ્નપત્રનું ધોરણ ગુજરાત રાજયમાં યોજાતી ઉચ્ચત્તર માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષાનાં જેવું રહેશે.

**(૨)** **પ્રશ્નપત્ર-૨ :** સામાન્ય જ્ઞાન અને મનોવૈજ્ઞાનિક કસોટી (હેતુલક્ષી પ્રશ્નોવાળું), સમય-૧ કલાક કુલ ગુણ-૧૦૦ નું રહેશે.

**(3)** **પ્રશ્નપત્ર-3**: અંગ્રેજી, સમય-૨ કલાક, કુલ ગુણ-૧૦૦ નું રહેશે. જેનો અભ્યાસક્રમ નીચે મુજબ છે.

| | |
|---|---|
| નિંબધ લેખન | ૨૫ ગુણ |
| સાર લેખન | ૧૦ ગુણ |
| અહેવાલ લેખન | ૨૫ ગુણ |
| પત્ર લેખન | ૧૦ ગુણ |
| વ્યાકરણ | ૧૦ ગુણ |
| ગુજરાતીમાંથી અંગ્રેજીમા અનુવાદ | ૧૦ ગુણ |
| અંગ્રેજીમાંથી ગુજરાતીમાં અનુવાદ | ૧૦ ગુણ |

અંગ્રેજીના પ્રશ્નપત્રનું ધોરણ ગુજરાત રાજયમાં યોજાતી ઉચ્ચત્તર માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષાના જેવુ રહેશે.

**(બ)** **શારિરિક કસોટી :**

કુલ ગુણ ૧૦૦ ની રહેશે. આ શારરિક કસોટીમાં પાસ થવા માટે ઉમેદવારે ઓછામાં ઓછા ૫૦ ગુણ મેળવવાના રહેશે, શારિરીક કસોટીમાં નીચેનાનો સમાવેશ થાય છે.

| ક્રમ | પુરુષ ઉમેદવારો માટે કસોટીના ઇવેન્ટની વિગત અને હાંસલ કરવાનું લઘુત્તમ ધોરણ | મહિલા ઉમેદવારો માટે કસોટીના ઇવેન્ટની વિગત અને હાંસલ કરવાનું લઘુત્તમ ધોરણ |
|---|---|---|
| ૧ | ૧૦૦ મીટર દોડઃ ૧૫ સેકન્ડમાં પુરી કરવાની રહેશે. | ૧૦૦ મીટર દોડઃ ૧૮ સેકન્ડમાં પુરી કરવાની રહેશે. |
| ૨ | ઉંચો કુદકો : ૧.૨૨ મીટર કુદવાનું રહેશે. | ઉંચો કુદકોઃ ૦.૯૯ મીટર કુદવાનું રહેશે. |
| ૩ | લાંબો કુદકોઃ ૪.૨૭ મીટર કુદવાનું રહેશે | લાંબો કુદકોઃ ૨.૭૮ મીટર કુદવાનું રહેશે |
| ૪ | ગોળા ફેંક (૭.૨૫૭ કિ.ગ્રા. અથવા ૧૬lbs) : ૫.૯૦ મીટર ફેંકવાનો રહેશે. | ગોળા ફેંક (૭.૨૫૭ કિ.ગ્રા. અથવા ૧૬lbs):૩.૮૧ મીટર ફેંકવાનો રહેશે. |
| ૫ | ૮૦૦ મીટર દોડ : ૩ મીનીટ અને ૧૦ સેકન્ડમાં પુરી કરવાની રહેશે. | ૮૦૦ મીટર દોડઃ ૪ મીનીટ અને ૫ સેકન્ડમાં પુરી કરવાની રહેશે. |

**નોંધઃ** શારીરિક કસોટીનાં માપ ધોરણમાં ફેરફાર કરવાની બાબત હાલ સરકારશ્રીની વિચારણા હેઠળ છે. જેમાં ફેરફાર થયેથી ઉમેદવારોને જાણ કરવામાં આવશે.

**(ક) ઇન્ટરવ્યું (રુબરુ મુલાકાત) : કુલ ગુણઃ ૫૦ રહેશે.**
પસંદગીમાં અગ્રીમતા મેળવવાને પાત્ર લાયકાત.

| ક્રમ | વિષય |
|---|---|
| ૧ | રાજ્ય સરકાર વખતો વખત નક્કી કરે તેવી કોમ્પ્યુટરના જ્ઞાનને લગતી કસોટી પાસ કરવાનું. |
| ૨ | એન.સી.સી. નું સી-સર્ટીફિકેટ ધરાવતા હોવા જોઇએ. |
| ૩. | ડ્રાઇવીંગ લાઇસન્સ (લાઇટ મોટર વ્હીકલ અને હેવી મોટર વ્હીકલ) ધરાવતા હોવા જોઇએ. |
| ૪ | **(૧)** ઉમેદવારે રાષ્ટ્રીય કક્ષાની માન્ય રમતો એથ્લેટીકસમાં ભાગ લીધેલ હોય અને પહેલું, બીજુ અથવા ત્રીજુ સ્થાન મેળવેલ હોય.<br>**(૨)** ઉમેદવારે ક્રિકેટ, હોકી અથવા કોઇ પણ માન્ય રમતો જેવી કે રણજી ટ્રોફી, કુચ બિહાર ટ્રોફી વગેરેમાં રાજયનું પ્રતિનિધિત્વ કરેલ હોય અને રાષ્ટ્રકક્ષાની સ્પર્ધામાં ભાગ લીધેલ હોય. |

૧૦/- સીધી ભરતીથી નિમણુંક પામેલ ઉમેદવારે રાજ્ય સરકાર વખતો વખત નક્કી કરે તેવી તાલીમ લેવાની રહેશે અને તેવી તાલીમના અંતે લેવાતી પરીક્ષા પાસ કરવાની રહેશે તેવી જ રીતે નિયમો હેઠળ નક્કી કરાયેલ ખાતાકીય પરીક્ષા પણ પાસ કરવાની રહેશે.

૧૧/- સીધી ભરતીથી નિમણુંક પામનાર ઉમેદવારને તેણે સફળતાપૂર્વક પુરી કરેલ તાલીમનાં અંતે નિયમાનુસાર અજમાયશી ધોરણે નીમણુંક આપવામાં આવશે.

૧૨/- સરકારશ્રીનાં નાણાં વિભાગના તા.૧૬/૨/૨૦૦૬ના ઠરાવ ક્રમાંકઃ ખરચ-૨૦૦૨-ઝેડ-૧ની જોગવાઇઓ મુજબ પાંચ વર્ષ માટે રૂા. ૪૫૦૦/- ના ઉચ્ચક વેતનથી નિમણૂંક પામેલ ઉમેદવારો પૈકી પાંચ વર્ષના અંતે સંતોષ કારક સેવા બજાવનાર ને જ ટર્ન પ્રમાણે પો.સ.ઇ.ના પગાર ધોરણ રૂા. ૫૫૦૦-૧૭૫-૯૦૦૦ માં નિયમિત રીતે સમાવવામાં આવશે.

૧૩/- ઉમેદવારે અરજી પત્રક સાથે પોતાના સરનામા વાળુ ૨૭X૧૨ સે.મી. નું રૂ. ૧૦ ની ટપાલ ટીકીટ લગાડેલું પરબીડીયુ અચુક બીડવાનું રહેશે.

૧૪/- ઉમેદવારે અરજી પત્રકમાં બતાવેલી વિગતોની કોઇ પણ જાતની ચકાસણી / ખરાઇ કર્યા સિવાય બોર્ડ દ્વારા તેને પ્રાથમિક પરીક્ષામાં દાખલ થવાનો કોલ લેટર આપવામાં આવશે. રૂબરૂ મુલાકાત સમયે રજૂ કરેલ જન્મ તારીખ, શૈક્ષણિક લાયકાત તથા જાતિ વગેરેને લગતાં પ્રમાણપત્ર ભવિષ્યમાં ચકાસણી દરમ્યાન ખોટા માલુમ પડશે તો તેની સામે કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે.

૧૫/- ઓછી ફી વાળું, ક્ષતિયુકત અથવા અપૂર્ણ અરજી પત્રક ધ્યાને લેવામાં આવશે નહીં અને તેવું અરજી પત્રક આપોઆપ નામંજુર થશે. આ બાબતમાં કોઇ પણવ્યવહાર સ્વીકાર્ય રહેશે નહીં.

ઉમેદવારોને નિમણુંક માટે સામાન્ય રીતે ગુણાનું ક્રમમાં વિચારવામાં આવશે. જોકે, પરીક્ષામાં સફળ થવાથી જ નિમણુંક માટેનો હકક મળી જતો નથી. રાજયની સેવામાં નિમણૂંક માટે ઉમેદવાર બધી જ રીતે યોગ્ય છે એમ જરૂરી લાગે તેવી તપાસ પછી નિમણુંકી સત્તાધિકારીને સંતોષ થાય તો જ ઉમેદવારની નિમણૂંક કરવામાં આવશે.

૧૬/- જાહેરાત કોઇ પણ કારણોસર રદ કરવાની આવશ્યકતા ઉભી થશે તો તેમ કરવાના બોર્ડનો સંપૂર્ણ હકક અને અધિકાર રહેશે. અને બોર્ડ આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહીં.

સ્થળ : ગાંધીનગર

તારીખઃ - -૨૦૦૯

અધિક પોલીસ મહાનિદેશક
(વહીવટ), ગુ.રા., ગાંધીનગર.

Last date: 21-03-2009

APPLICATION FORMAT

| | |
|---|---|
| | પોલીસ ખાતામાં સહાયક પોલીસ સબ ઇન્સ્પેકટર (બિન હથિયારી શાખા) વર્ગ-૩ ની જગ્યા માટેનું |
| કોમ્પ્યુટરના ઉપયોગ માટે | **અરજી પત્રક** |

પરીક્ષા ફીઃ રૂ. ૧૦૦

રસીદ નંબરઃ

તારીખઃ

પરીક્ષા ફી લેનારની સહીઃ

ઉમેદવારનો તાજેતરનો પાસપોર્ટ

૧. ઉમેદવારનું નામઃ (અંગ્રેજીમાં બ્લોક લેટર્સમાં લખવું)

| | | | | | | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અટકઃ | | | | | | | | | | | | | | | | | | | | | |
| નામઃ | | | | | | | | | | | | | | | | | | | | | |
| પિતા/પતિનું નામઃ | | | | | | | | | | | | | | | | | | | | | |

૨. કાયમી સરનામું- (નામ સિવાય લખવું અને સરનામું અંગ્રેજીમાં બ્લોક લેટર્સમાં લખવું)

| | | | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | |
| પીન કોડઃ | | | | | | | | | | | | | | | | | | |

૩. કેટેગરીઃ લાગુ પડતામાં [✓] થી બતાવવું

(૧) સામાન્ય [ ]  (૪) સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ [ ]

(૨) અનુ. જાતિ [ ]  (૫) માજી સૈનિક [ ]

(૩) અનુ. જનજાતિ [ ]  (૬) રાજય પોલીસમાં કોન્સ્ટેબલ/હેડ કોન્સ્ટેબલ/આસી.સબ ઇન્સ્પેકટર [ ]

૪. ઉમેદવાર પુરૂષ છે કે મહિલા? (લાગુ પડતા [✓] માં કરવું) પુરૂષ [ ] મહિલા [ ]

૫. જન્મ તારીખઃ D D M M Y Y Y Y

૬. તારીખઃ - -૨૦૦૯ ના રોજની ઉંમર .................. દિવસ ............... માસ ................. વર્ષ

૭. શૈક્ષણિક લાયકાતઃ

| ક્રમ | શૈક્ષણિક લાયકાત | બોર્ડ/યુનિ. નુ નામ | પરીક્ષા પાસ કર્યાનું વર્ષ | મેળવેલ વર્ગ/ગુણ |
|---|---|---|---|---|
| ૧ | ડીગ્રી .................................. | | | |
| ૨ | કોમ્પ્યુટર જાણકારી સંબંધી કોર્સનું નામ ........................................ | | | |

૮. શારીરિક માપઃ

(પુરૂષ ઉમેદવારે નીચેની માહિતી આપવી)

ઉંચાઇઃ ..................... સે.મી.

છાતીઃ (૧) ફુલાવ્યા વગર .............. સે.મી.

(૨) ફુલાવેલ ............... સે.મી.

(ઓછામાં ઓછી ૫ (પાંચ) સે.મી. ફુલતી હોવી જોઇશે.)

(મહિલા ઉમેદવારે નીચેની માહિતી આપવી)

ઉંચાઇઃ ................. સે.મી.

વજનઃ ............ કિ.ગ્રા.

**સોગંદનામું**

હું આથી એકરાર કરૂં છું કે, ઉપર જણાવેલ બધી વિગતો સાચી છે વધુમાં, જો કોઇ માહિતી ખોટી જણાય તો મંડળ દ્વારા જે પગલાં લેવાશે તે મને મંજૂર અને બંધનકર્તા રહેશે.

સ્થળઃ

તારીખઃ

(અરજદારની સહી)

નોંધઃ (૧) શૈક્ષણિક લાયકાતનું અને જન્મ તારીખના પુરાવા રૂપે શાળા છોડયાના પ્રમાણપત્રની ઝેરોક્ષ નકલ.(૨) જાતિ અંગેના પ્રમાણપત્ર, સા. અને શૈ. પ. વર્ગના ઉમેદવારે ઉન્નત વર્ગમાં સમાવેશ નહી થતો હોવા અંગેનો સક્ષમ સત્તાધિકારીના પ્રમાણપત્રની ઝેરોક્ષ નકલ બીડવી (૩) માજી સૈનિક ઉમેદવારે માજી સૈનિક હોવાના પુરાવાની ઝેરોક્ષ નકલ બીડવી અને (૪) તમામ કેટેગરીના ઉમેદવારોએ પોતાના નામ અને સરનામાવાળું ૨૭ X ૧૨ સે.મી.ની સાઇઝનું રૂ. દસની ટપાલ ટીકીટ લગાડેલ પરબીડીયું બીડવું.

# પ હોં ચ

આથી પહોંચ આપવામાં આવે છે કે, શ્રી/શ્રીમતી/કુ................................................

............................................ શહેર / ગામ .................................. તાઃ............................. જીઃ

...................................... નાઓએ પો.સ.ઇ. ભરતી બોર્ડ ધ્વારા બિન હથિયારી પો.સ.ઇ.ની સીધી ભરતી માટેનું અરજી પત્રક અત્રેની કચેરીમાં તાઃ ............................... નાં રોજ ............. કલાકે નીચે મુજબનાં બિડાણો તથા પરીક્ષા ફી ના ડ્રાફટ સાથે આપેલ છે. જેની અમોએ ખાતરી કરેલ છે.

(૧)

(૨)

(૩)

(૪)

(૫)

(૬)

(૭)

(૮)

સ્થળઃ ....................................          સ્વીકારનારની સહી................................

તારીખઃ ................................